દીબાચો.

પોતાનાં વાહલાં ખેશી યા દોસ્તોની શાલગરેહનો શુભ દીવસ નોંધી લઈ, દરરોજ આ ચોપડી ઉઘાડી જોઈ, તે મુબારક દીવસ યાદ કરી શકાય માટે આ ચોપડી બાહેર પાડી છે. ઈંગ્રેજી તારીખ વાર સાથની એવી **બર્થ ડે બુકો** તો પુષ્કળ મળે છે, પણ આપણો જરથોસ્તી રોજ માહ તે તારીખની બરાબર, વર્ષની કસરને લીધે આવતો નથી, અને આપણે તો એજ રોજ માહ પરજ આપણી ગણતરીનો હજુર સુધી આધાર રાખ્યે છીએ, તેથી આશા છે કે આ ચોપડી આપણ પારસીઓને ઉપયોગી થઈ પડશે. વળી દરેક દીવસની સાથે થોડી થોડી સારી લીતીઓ જોડી છે કે પોતાની વર્ષગાંઠની **મુબારકબાદીની** સાથની લીતીઓ વાંચી વાંચનાર ખુશી થાય અને હોય તે કરતાં વધુ સારાં થવાની કોશેશ કરવાને લલચાય. વળી વાહલાંઓ અને ઓળખીતાંઓના જન્મ દીવસની નોંધ તેઓને હાથેજ લખાવી લઈ તેઓના પ્રિય હાથ દસ્કત પણ જાળવી રાખવાની તક મળે.

બીજું વળી ફક્ત જન્મગાંઠનો દીવસજ જાળવવા ઉપરાંત, મરણ કે જે પણ સર્વને સરજેલું છે, અને ગમે એવી ખુશાલીમાંબી તેનો વિચાર પેહલો કરવાનો છે, તેના વારસીક દીવસની નોંધ કીધાથી તે યાદ કરવામાં પણ સેહલાઈ પડશે.

શાવગ્રેહ સંગ્રહ:

ખુદામાં મારી બધી આંશા છે; તે મારી લાકડી, મારો ભોમીયો અને મને રોશણી બતાવનારૂં ફાનસ છે.

ભલું કામ કીધાથી મને કદી પસ્તાવું પડયું નથી, ને પડશે પણ નહીં.

ફરવરદીન-હોરમજદ.

જમશેદી નવરોજ મુબારક.

ફરવરદીન-બહમન.

બતીનો ઉજાશ જેમ બતીનાં પોતાના માટે નથી, તેમ જો આપણી ખુબી બીજાંઓને લાભ નહીં કરે તો તે હોયલી ને ન હોયલી સરખીજ જાણવી.

માથે તાજ નહીં છતાં રાજવંશી ગણાવાની સરજત કોનની છે ? માથાંપર હીરા, મોતીથી મઘેલું તાજ નહીં, પણ જેનાં હૈયાંમાં સંતોષ છે તેની.

ફરવરદીન-અરદીબેહેશત.

રપીથવન ઈજવાનો દાહડો.

ફરવરદીન-શેહેરેવર.

રસાળ જમીન, ને પુષ્કળ પાક, ભર્યા કોઠાર, ને ફળનાં ભારથી ઝુમાતાં ઝાડ, ને લાંબી વંસત! તંગીનું તો મોહનુંજ કાળું, ને અસપંદાદ અમસાસ્પંદનાં બધા આશીરવાદ હોજો!

"તારીક" અને "ઝારીક" જે ભુખ અને તરસના દેવો છે, તેના હરીફ ખોરદાદ અને અમરદાદ છે. ભુખ્યાંને અન્ન આપી, એ અમસાસ્પંદોની ગોયા તમે આરાધના કરો છો.

ફરવરદીન—અસફનદારમદ.

ફરવરદીન—ખોરદાદ.

ખોરદાદશાલ—પેગમબર જરથોસ્તનો જનમ દીવસ. સત જરથોસ્ત પોતાની ૪૦) વર્ષની ઉમરે માજદયસની દીન લાવ્યા તે દીવસ.

ભુખ્યાંને અન્ન અને તરસીયાંને પાણી આપી તેની જીંદગી લાંબી કરી, અમરદાદ અમસાસ્પંદ જે લાંબી જીંદગી બક્ષે છે, તેની ગોયા તમે બરાબરી કરો છો.

ખરૂં સુખ તો બેહસ્તમાંજ છે; જ્યારે આપણે તો આ દુનીયામાં છઇએ જ્યાં જંજાળ, ચીંતા, અને દુઃખ સર્વ માટે ભલેલાંજ છે.

ફરવરદીન—અમરદાદ.

અમરદાદશાલ.

ફરવરદીન—દએપઆદર.

આપણાં નાચીજ બદનની સેવા કર્યે, તે કરતાં ઓછી સેવાને શું આપણો બનાવનાર લાયક છે? નહીં. તેનાં પેદા કીધેલા અતી પવીત્ર આતશની મારફતે તેની સેવા કરૂં!

શુક્કરનો સેતારો જાણે પૃથ્વીપર ઉતર્યો છે. તારી પુંજા પુરતા ભક્તિભાવથી કેમ કરૂં!

ફરવરદીન—આદર.

ફરવરદીન—આવાં.

તેના ચેહુરા ઉપર અમીરી તોખમ, ભલા ખુરશેદની માફક પ્રકાશી નીકલે છે.

તારી આબાદી થાવો ! સુલેહ શાંતીમાં તારા દહાડા પસાર થાવો ! ને હોરમજદના આશીરવાદ તારા ઉપર ઉતરો !

ફરવરદીન—ખોરસેદ.

ફરવરદીન—મોહોર.

ઉત્તરનાં તારાનું સ્થીરપણું, કે જેનો આકાશમાં બીજો જોડયો નથી, તેવાં વફાદાર થજો.

મેં એ બાનુનું નામ સાંભળ્યું છે, અને તે નામ માટે સારૂંજ સાંભળ્યું છે.

ફરવરદીન-તીર.

ફરવરદીન-ગોશ.

દાદાર હોરમજદ! સુખનાં શીતલ છાંયાં વાળાં ઘણાંક વર્ષો એને માટે મોકલો!

જો **તેનો** ઈનસાફજ માંગ્યે તો નેકીની ગમે એવી ઉંચી ટોંચે ચહુડેલાને બી કેટલું થોડું મલે, અને જો **તેની** દયા માંગ્યે તો ગમે એવા નબળા ખવાશનેબી ઘણું મલશે. તે દયા તું માંગ, અને ભવીષમાં સારો ચાલવાને કબુલ થા, તો તું નીરાંત રહી શકશે.

ફરવરદીન-દએપમેહેર.

ફરવરદીન-મેહેર.

તે કીરતારના હાથમાં તને મુક !

વર્ણન ન થાય એવી તારી આબાદી થાવો ! હું તને દરેક સુખ ઈચ્છુ છું.

ફરવરદીન-સરોશ.

ફરવરદીન-રશ્ને.

તને આગલ વધવામાં, તારા ભલા નયાગાંનોની યાદના જેવું ઉલટ આપનારૂં બીજું શું હોય !

માંગ્યા વગરની, તદન અનધારેલી, સેહજબી ગડબડ વગરની, લેનારને તેની હાલત લાગે નહીં તેની ઘણીજ સંભાલ લઈને આપેલી, તે તે ખરી મમતાલુ મદદ.

ફરવરદીન-ફરવરદીન.

ફરવરદીઆંનનું જસન.

ફરવરદીન-બેહેરાંમ.

દોલત અને આબરૂ, અને લગ્નનું લાંબું અને વધ્યુંજ જતું સુખ, જે મીનો રાંમનાં આશીરવાદ છે. તે તને મલો.

આ નુકશાંનકારક સુસ્તી અને સ્વભાવ સુધારી, હસતાં રમતાં થઇ ખુશાલી પાંથરો.

ફરવરદીન-રામ.

ફરવરદીન-ગોવાદ.

એકીનદાર જીવડાઓ અંધકારમાં પ્રકાશ અને નીરાશીમાં આશા જુએ છે. તે એકીન અને ધર્મના બક્ષનાર દાદારની વખાંણ હોજો.

ચોખાં અંતઃકરણથી કરી જે ભીત્તરની શાંતી મલે છે, તે બધી દુનીયાઈ મોટાઈ કરતાં વધારે છે. સારી કરનીનો નતીજો બેહસ્ત છે એ માજદયસની દીનનું ફરમાંન છે.

ફરવરદીન—હપ્તે ૫ દીન.

ફરવરદીન—દીન.

પવીત્રાઈ અને સચાઈ આત્મીક દુનીયા માટે અગત્યનો ખજાનો છે. જે એ પવીત્રાઇનો ખજાનો એકઠો કરે તે પેલી દુનીયાનું સુખ પામે.

મારા ભલા દોસ્ત, ખુશાલી અને તરો તાજગી ભર્યો પ્યાર તારા જીગરમાં હમેશનો વાસો કરે!

ફરવરદીન–અશીશવંઘ.

ફરવરદીન–આસ્તાદ.

જ્યાં તારાં કમભાયગની સાથે તારી મુરખાઈબી જોડાયલી છે; તેં કીમતી વખત ગુમાવ્યો છે. કોઈબી વખત ગુમાવતાં નાં.

ખોદા સૌને સારી બુદ્ધી બક્ષે. ને નેક રીતે ચાલવાની તોફીયત આપે !

ફરવરદીન—આસ્માન.

ફરવરદીન—જમીઆદ.

પ્રમાણીકપણું કરતાં કીંમતી વારસો બીજો કયો હોય ?

તું તેને ચાહતો હોય તો તે તુંને મુબારક છે, કાંય જે તે એક લાયક નાંજનીન છે.

ફરવરદીન-મારેસ્પંદ.

ફરવરદીન-અનેરાંન.

દાદાર અહુરમજદની બધી દયા તારાપર હોજો! એ મારી ખરાં જીગરની દુવા છે.

ભલું મન જે છે તે તનદરોસ્તીનું સાધન છે; અને સુર્ય જેમ ગમે એવાં અંધારાં વાદળાંનેબી ફાડીને બાહર નીકલે છે, તેમ ઈજત ગમે એવાં હલકાં કપડાં છતાં જણાઈ આવશે.

અરદીબેહેસ્ત-હોરમજદ.

અરદીબેહેસ્ત-બેહમન.

હમેશાં સૌથી સરસ અશોઈ અખત્યાર કરવાથી બેહશ્ત પ્રાપ્ત થાય છે. અરદીબેહુસ્ત અમસાસ્પંદ અશોઈ ઉપર મવક્કોલ છે અને તેના હાથમાં બેહસ્તની ચાવી છે.

માણુસે પોતાની ચાલચલણુ અને પોતાના વીચારો અને ઠેરાવો એક ધાતુની માફક કઠણુ અને સખત રાખી સ્વચ્છ અને નીશકલંક જીંદગી ગુજારવી તે એક રીતે શેહેરેવરને ખુશનુદ કીધા બરાબર છે.

અરદીબેહેસ્ત—અરદીબેહેસ્ત.

અરદીબેહેશ્ત અમશાસ્પંદનું જસન.

અરદીબેહેસ્ત—શેહેરેવર.

અસફંદારમદ અમસ્પંદનું ખાસ ફુલ કસ્તુરી છે. તેની સુગંધી લંપટની માફક ભલાંઓની ભલાઈથી પમરજો.

આકાશમાંથી પડતા દવનાં તીપાં ગણાતાં નથી, તેમ અસંખ્ય સુખનો વરસાદ તારીપર વરસજો.

અરદીબેહેસ્ત-અસફન્દારમદ.

અરદીબેહેસ્ત-ખોરદાદ.

તારી આબાદી થાઓ ! હું તને સુખ ઇચ્છું છું.

બધી ચીજોમાં પરવરદેગારના હુકમને તાબે થવું જોઈએ.

અરદીબેહેસ્ત—અમરદાદ.

અરદીબેહેસ્ત—દએ પ. આદર.

તારી આસપાસનાઓ તારેથીજ ખરી ખુબીઓ શીખશે.

મારૂં વ્હાલ, તે સ્ત્રીના શોભઈત્રા દેખાવથી નહીં, પણ તેના ભલા ખવાશથી ખેંચાશે યા જીતાશે.

અરદીબેહેસ્ત—આદર.

અરદીબેહેસ્ત—આવાં.

આપણે જાણુયે છીએ કે પૃથ્વી સૂર્યની આસપાસ ફરે છે, તોપણુ સૂર્યનો રોજનો રાહુઘાત જોતાં તે વાત માનવી આપણુને મુશ્કેલ લાગે છે. તેજ પ્રમાણે તોલ કર્યે નહીં, અને એક બાબદમાં જે જે સંજોગો હોય તેની બધી બાજુ બરાબર તપાસ્યે નહીં તો આપણે ઠગાઈશું.

તારામાં સાચવટ દેખાય છે. ખોદા કરે ને તે સચાઈ અને પ્રમાણીકપણુંજ હોય.

અરદીબેહેસ્ત-ખોરશેદ.

મએદીઓજરેમ ગાહાંમબાર.

અરદીબેહેસ્ત-મોહોર.

તારાઓ આતશના ગોળા છે: એવો શક લાવજે; સુર્ય હાલે છે એમ માનજે; બીજી કોઈબી સચાઈને જુઠી ગણજે; પણ એના પ્યાર માટે તો શક હોયજ નહીં.

બધા દેવતાઓ તારી મદદે આવો! તારી તરવારને ફત્તેહ મલો! અને તારા ઘોડાને બધેથી ફત્તેહ ફીરોજમંદી હોવો!

અરદીબેહેસ્ત-તીર.

અરદાબેહેસ્ત-ગોશ.

પરવરદેગારની પ્રીતી તારા ઉપર, અને જેઓ ભુંડાને ભલા તથા દુશ્મનને દોસ્ત કરે છે, તેઓનાં પર ઉતરજો.

કદાચ મારે કરવી જોઇતી ભલાઈનું પલ્લુ નમી જઈ મને બેહસ્તમાં જગા નહીં મલે, તોપણ હું આશા રાખીશ કે મારો પસ્તાવો તે સાહેબની દયા મારા તરફ ખેંચશે.

અરદીબેહેસ્ત-દએપમેહેર.

અરદીબેહેસ્ત-મેહેર.

મારા દોસ્ત, તે ભલાં માણસને ઉત્તમ ભલાઇઓ કરતાં કદી થાક ચહડતી નથી.

રાસ્તી કરતાં કીંમતી વારસો બીજો કોઈ નથી.

અરદીબેહેસ્ત-સરોશ.

અરદીબેહેસ્ત-રશ્ને.

તેવન દોલત નથી મુકી ગયા, પણ તેવન પોતાના અંતકરણના ફરમાવેલા રસ્તાએ ચાલ્યા હતા. હમણાં તેવન કયાં હશે? ગરોથમાંન બેહસ્તમાં, હંમેશના સુખી !

તું તો મારો ફરેસ્તો છે. તારી મદદ, સરખાં-મની નહી થાય એવા પ્યારનો પુરાવો આપે છે.

અરદીબેહેસ્ત-ફરવરદીન.

અરદીબેહેસ્ત-બેહેરાંમ.

તારી બધી ઉમેદો ફલો ! અને તારી જીંદગી આબાદીમાંજ પસાર થાય !

માણસે અભીમાની શા સારૂં થવું જોઇએ ? ગુમાંન ઘટાડો !

અરદીબેહેસ્ત-રાંમ.

અરદીબેહેસ્ત-ગોવાદ.

હું તુંને શું દુવા દઉં ? તે કીરતારની નેગેહ-બાંની તારા ઉપર હમેશ હોજો.

જો તમે ખોટું કરશો તો તમને નુકસાન થશેજ, આ આગાહી કરવા માટે કોઈ પેગમબરની જરૂર નથી.

અરદીબેહેસ્ત-દએ ૫ દીન.

અરદીબેહેસ્ત-દીન.

પવીત્રાઈ અને અશોઈ જેમ પેલી દુનીયાનું સુખ મેલવે છે, તેમ આ દુનીયામાં પણ ઘણાં સુખનો ખજાનો એકઠો કરે છે.

સાચ્ચો પ્યાર ને ભલાઇનો ભંડાર તારામાં છે.

અરદીબેહેસ્ત-અશીશવંઘ.

અરદીબેહેસ્ત-આસ્તાદ.

ખોદા, તુંને સુખનાં ઘણાં દહાડા દેખાડે !

દોસ્તની ખાંમી દરગુજર કરવી તે તે દોસ્તીનો તરીકો.

અરદીબેહેસ્ત—આસ્માન.

અરદીબેહેસ્ત—જમીઆદ.

સખાવતનો ગુણ તો મીનોઈ છે. લેનારને એકલા-નેજ નહીં, પણ આપનારનેબી એથી સુખ સંપાદન થાય છે.

ખોદા તુને સુખી કરો! તારા જેવો મનમોહન ચેહરો મેં બીજો એકે દીઠો નથી.

અરદીબેહેસ્ત—મારેસ્પંદ.

અરદીબેહેસ્ત—અનેરાંન.

આપણાં સૌથી મોટાં દુઃખો, પરવરદેગારના માયાળુ પ્યારની સાબેતી જેવાં, વારંવાર પુરવાર થયાં છે.

તારો ચેહરો ધોવા માટે ભલાઈનાં ભરેલાં વાદળાંનાં ધોધમાર પાણી કરતાં વધુ સ્વચ્છ; બીજું કયું પાણી મળશે ?

ખોરદાદ-હોરમંજદ.

ખોરદાદ-બેહમન.

જીંદગી તો બધાંને પ્યારી છે; પણ ખરાં બાહદુર તેજ કે, જે આબરૂને જીંદગી કરતાં વધુ પ્યારી ગણે.

પૈસા કોઈ વેળા માયાલુ અને ઉદાર જીગરનેબી ઠંડુ અને સીસાં જેવું કઠણ કરે છે. પણ તું તો એ દાખલાનો અપવાદ છે. તારા ગરીબ દોસ્તને તુચ્છ ના ગણ. તેઓ તરફ સાચ્ચો અને માયાલુ રેહ. અને શેહેરેવર અમસાસ્પંદ તારી ઉપર જ્યાદા મેહરબાન થાય.

ખોરદાદ—અરદીબેહેસ્ત.

ખોરદાદ—શેહેરેવર.

ખુદાઈ બક્ષેસો, તુને આગલથી, પાછલથી, અને બધેથી ફરતી ઘેરી લે! એવી મારી દુવા છે.

સલાહ, સંપજ અને ભાઈબંધીનો વધારો કરી સે કીરતારના આંશીરવાદ મેલવો!

ખોરદાદ—અસફનદારમદ.

ખોરદાદ—ખોરદાદ.

ખોરદાદ મહીનાનું જશન.

મીનોઈ ફરેસ્તાઓ તારા નેગેહબાંન થાઓ !

તું બબડી અસંતોષી થાય છે. જેને તું ઘણું દુઃખ સમજે છે, તે તો તારાં સુખ માટે છે. જો કે નબળાઈની પલોમાં આપણે **તેની** સામે થઈએ છીએ, પણ આપણો અનુભવ, વિચાર શક્તિ, અને આપણી આસપાસની બધી ચીજો ખોદાનાં અજબ જેવાં અને નહીં પોંહચી વળાય તેવાં ડાહપણની અને પોતે બનાવેલા જીવડાઓનાં ભલાં માટેની કાલજીની આપણી ખાતરી કરે છે.

ખોરદાદ—અમરદાદ.

ખોરદાદ—દએ પ આદર.

આપણ ઈનસાંન કોણ છઈએ? ચોક્કસ ફરજો બજાવવા માટે નેમેલા તે કીરતારના નોકરો છઈએ. તેની મરજીથી એક તસુ યા ઇંચ પણ આડા જવાતું નથી.

તેણીની આગલ બીજી બધીઓની કીંમત ઘટી જાય છે. તેણી તો એકલીજ છે. યા હજારે એક છે.

ખોરદાદ-આદર.

ખોરદાદ-આવાં.

તમે ખરી કીર્તી, વખાણ, અને હેતને લાયક છેઓ.

એ ઉમરે મોટો તેમજ અક્કલે પણ વડો છે.

ખોરદાદ-ખોરશેદ.

ખોરદાદ-મોહોર.

તમારા ગમે એવા ખરાબ ગરેહ હશે, તોપણ તેની દુષ્ટ અસરથી તમારી બંદગી અને તમારાં વડાઓનાં પુનથી તુટશે યા ઓછી થશે.

નેકીમાં બાહદુરી, અને ભલાઈમાં હીંમત હારતા નાં!

ખોરદાદ—તીર.

ખોરદાદ—ગોશ.

જે બનવાનું હશે તે તો જરૂરજ બનશે. અને ગમે એવી સાચી આગાહીબી તે અટકાવી શકનાર નથી. ત્યારે અગંમચેતીઓનો ફાયદો શું? એટલોજ કે વખત આવવે જે બનવાનું તો છેજ તે માટે અગાઉથી દુઃખી થવું પડશે. તારે પરવરદેગારપર અને તેની બંદગી પરજ ભરૂસો રાખવો એ શું વધારે ડાહપણ ભર્યું નથી? હું ધારૂં છું કે તે હજારઘણું ડાહપણ ભર્યું છે.

હવે જે થયું તે કાંઈ નહીં થનાર નથી. અને પસ્તાવો તથા ખરાં દીલની દલગીરી શીવા વધુ આપણે કાંઈ કરી શકતાં નથી.

ખોરદાદ—દએ ૫ મેહેર.

ખોરદાદ—મેહેર.

ખાતરી રાખજે કે, તે બનતું કરવામાં પછાત પડશે નહીં.

તે તારા પુરવાર થયલા ખરા દોસ્તને તારાં હૈયાં આગલ લોખંડના પટાથી જકડ.

ખોરદાદ–સરોશ.

ખોરદાદ–રશ્ને.

હું એવા ગરીબોનાં નામોને વખાણું છું, કે જેઓ મોટાં મોટાં કામો કરી શકયા છે. અને રાજાઓએ આપવા માંગેલી દોલતને તુચ્છકારી શકયા છે.

તારી પછવાડે એકબી જીગર એવું નં હશે કે જે તારી નડત અને ફત્તેહ નહીં ઈચ્છતું હોય.

ખોરદાદ—ફરવરદીન.

ખોરદાદ—બેહેરાંમ.

તારી દરેક ભલી ઇચ્છાઓ પાર પડો !

જીંદગીના ગુજારા માટેની તેની લડતો અતી ઘણી છે, પણ તે બધાં આગલ કહ્યા કરવાની, અથવા તો સામાની આંખમાં આંસુ આવે એવી પોતાનાં દુખની દયાજનક વાતો કરવાની, તેને આદત નથી.

ખોરદાદ–રાંમ.

ખોરદાદ–ગોવાદ.

તે કીરતારની મેહરબાંની તારાપર એવી રીતે ઉતરો, કે તારા જીવને હમેશાં શાંતી મલો !

ખોલ્લુ બોલવુ અને ખોલ્લુ કરવુ, પેહલાં તો કડવુ લાગે છે, પણ તેનાં પરીણામ સારાં આવે છે.

ખોરદાદ—દએ ૫ દીન.

ખોરદાદ—દીન.

અશોઈને રંગવા રંગ નથી જોઇતો. જેમ ખુબસુરતી ને સનગાર નથી જોઇતો.

જે દુઃખમાં મદદ કરે તે ખરો દોસ્ત.

ખોરદાદ—અશીશવંઘ.

ખોરદાદ—આસ્તાદ.

નશીબને તાબે થાવો. પવનના સુસવાટા અને ભરતીના મોજાની કાંઈ સામે થવાયું ?

તારો સંતોષજ તને ન્યામત છે.

ખોરદાદ—આસ્માન.

ખોરદાદ—જમીઆદ.

મારી બધી બંદગીઓ અને દુવાઓ હમેશાં તારે અને તારેજ માટે રેહશે !

દેવતાઓ, આવી ઉત્તમ બાયડીને લાયકનો મને કરો.

ખોરદાદ—મારેસ્પંદ.

ખોરદાદ—અનેરાંન.

મારી માયનાં પ્યાર અને સંભાલનો એક રજ જેટલોબી બદળો વાળવાને તે સર્વ શક્તિવાન સાહેબ મને શક્તિવાન કરે!

ખરેખર, એ એક લાયક ગ્રહસ્થ છે. એનું વાંચન બોહળું છે.

તીર-હોરમજદ.

તીર-બેહમન.

તારાં અશોઈ ભર્યાં હૈયાંને **ધીરજ**નાં ઘરેણાંથી સનગાર આપ.

શેહરેવર અમસાસ્પંદની મદદની તમે આરજુ રાખો છો તે પ્રમાણીકપણે મેલવો; કાંય જે તમારી આસપાસનાંઓનું સારૂં કરવાનું તે સાધન છે.

તીર-અરદીબેહેસ્ત.

તીર-શેહેરેવર.

ઘણી વેળા જ્યાંહ ઘણી આશા રાખી હોય ત્યાંહુ નિષ્ફળતા મલે છે; અને વારંવાર જ્યાંહુ બીલકુલ આશા નહીં હોય ત્યાંહુ તે રેલ છેલ કરે છે.

તારી ઘણી ગરજની વેળા પરવરદેગારની મયા તુંને મદદ કરે! અને તુંને બધું સુખ બક્ષે!

તીર—અસફન્દારમદ.

તીર—ખોરદાદ.

તારી સબુરીનો બદલો સાહેબ આપે ! અને નવી નવી ખુશ વધાઈઓથી તુંને હમેશાં ખુશી કરે !

જ્યારે તારાં નશીબમાં એમજ છે ત્યારે સંતોષી થઈ, બીજું ના શોધ.

તીર-અમરદાદ.

તીર-દયે પ આદર.

તારી બધી વખાણને એ લાયક છે.

તેણીને ગાયણ, વાજીંત્ર અને કવીતામાં મજાહ પડે છે.

તીર–આદર.

તીર–આવાં.

તે અતીઘણી ઇજ્જત, અપાર આંત, અને લોકોનું અણુહદ માન ધરાવે છે.

તેનામાં મરદાનગી બળ સાથે, સ્ત્રીનું મકમપણું છે.

તીર-ખોરશેદ.

મએદીઓશહેમ ગાહામબાર.

તીર-મોહોર.

માણુસ પોતેજ પોતાનાં નશીબનો ઘડનાર છેઃ વાંક સેતારાની ચાલનો નહીં પણુ આપણો પોતાનોજ છે.

સીંહનાં જેવો બાહદુર છતાં, નમનતાઇનો તો પારજ નહીં! તેના ચેહરાની શોભાની શું વખાણુ કરૂં!

તીર-તીર.

તીર મહીનાનું જશન.

તીર-ગોશ.

જેની પાસે ધીરજનું ધન નહીં તે ખરેખરો ગરીબ. કયો જખમ વખતનાં વેહવા સાથ ધીમે ધીમે રૂઝાતો નથી ?

જ્યાંહ સુધી મારૂં હૈયું મને ડંખતું નથી, ત્યાંહ સુધી મને કશાંથી બીહવાનું નથી.

તીર–૬એ ૫ મેહેર.

તીર–મેહેર.

ભલાઈનો ભંડાર સર્વશક્તિવાન સાહેબ પોતાનાંજ બનાવેલાં કોઈ પણ પ્રાણીનું બુરૂં કરવાની મતલબ કેમ રાખી શકે! પોતાના બનાવેલાં પ્રાણીનું આખેર ભલું કરવાનીજ તેની મતલબ હશે.

તેણી ખુબસુરત છે, પણ તે કરતાં વધુ ખુબીવંતી છે.

તીર-સરોશ.

તીર-રશ્ને.

જીંદગી કેટલી ટુંકી છે? માણસની હાલત કેટલી અસ્થીર છે? અને વળી જેવાં ખાલી હાથે આવ્યાં છીએ તેવાંજ ખાલી હાથે જવું છે. તો પછી આ જીંદગીની ટુંકી ગેરવાજબી મજાહ ભોગવવા માટે હમેશનાં સુખને જોખમમાં મેલવાની હીંમત કરશો નહીં.

જીંદગી જોગવવાનો ડાહપણભર્યો મારગ તો એજ છે કે, તેના છેડા માટે શાંતપણે રાહ જોવી અને દુઃખના વખતમાં યાદ રાખવું કે, જે મોટાં દુઃખો આપણ ખમ્યે છીએ તે પરવરદેગાર મધુર અને સ્વચ્છ સુખોમાં ફેરવશે.

તીર-ફરવરદીન.

તીર-બેહેરાંમ.

શુંદર સ્વપનાઓની સાથે સુખનાં દીવસોની પણ પરવરદેગાર તુંને નવાજેશ કરો !

હકની ઉપર બળ ફાવે તો તે ગેરવાજબી છે, ઘાતકી છે. ગરીબ નિર્દોષોના હક બળપર મુસ્તાક રહી ડુબાડશો નાં.

તીર-રાંમ.

તીર-ગોવાદ.

આ જીંદગીની આપણી બધી પીડાઓનાં કારણો તો ફકટ **તેજ** જાણે છે કે જે આપણે જાણવાની કોશેશ કરવી વાજબી નથી, અને વળી ફોકટ છે.

ખુદા શું તમારો સાથી નહીં થશે? જો એ ધરમી કામ તમે કરશો તો **તે** તમુને ટકાવી નહીં રાખશે?

તીર-દચ્એ ૫ દીન.

તીર-દીન.

તારા રૂપેરી અવાજથી બધાંને માટે માયા ભર્યા શબ્દોજ નીકલે છે; તારી તેજસ્વી આંખોમાંથી દયાજનક વાતો સાંભલી આંશુઓ ચમકે છે; ગરીબો અને નીરાધારોનું ભલું કરવામાં તારા હાથો પછાત પડતા નથી; અને આવાં તારાં અશો અને ઉમદા હૈયાંને ખાતરજ મારૂં હૈયું તારીપર કુરબાંન છે.

હું તારૂં નાંમ મારી બંદગીમાં હમેશાં લઈશ.

તીર-અશીશવંઘ.

તીર-આસ્તાદ.

જે ગયું અને જે માટે કાંઈ ચારો રહ્યો નહીં, તે માટે વીલાપબી રેહુવો નહીં જોઈએ.

મધુર ફુલોને ઉગતાં વાર લાગે છે, પણ ઝાડી ઝાંખરાં ઝડપથી ઉગે છે.

તીર-આસ્માન.

તીર-જમીઆદ.

તમારી જીંદગીની બધી વલાંનોપરથી જણાય છે કે, સાધારણ માણસોમાંનાં એક તમે નથી. પણ શું કાંઈ મીનોઈ છાંયો તેનાપર ઉતર્યો છે?

સ્ત્રીઓ તેનીને ચાહે છે, કાંય કે તે પરાક્રમી છે. પણ પુરૂષો તેનીને ચાહે છે તેનું કારણ એટલુંજ કે સ્ત્રી પંથમાં કવચીતજ મલે તેવી તેની છે.

તીર-મારેસ્પંદ.

તીર-અનેરાંન.

તમારી જીંદગીના ભવીષના ભેદમાં નજર પોંહુચાડવાની જીજ્ઞાસાથી દુર રેહુશો તો ઘણાંક સંતાપોથી બચશો. તમોને કોઈ ફરેસ્તો મલે તો તેનીબી આગાહી સાંભલવા ના પાડજો. કાંય જે, પરવરદેગારે સરજતની ચોપડી પોતાનાં પ્રાણીઓથી સંતાડેલી છે.

તું એક ભલો જીવડો છે.

અમરદાદ—હોરંમજદ.

અમરદાદ—બહમન.

ગરીબાઈમાં પણ કીર્તીવંત કામો કરી શકાય છે.

સચ્ચાઈ, પ્રમાણીકપણું વગેરે સદ્દગુણો એવા તો લોખંડ જેવા મજબુત અને કઠણ દેલથી અખત્યાર કરવા કે જો કોઇ તાવેલું ત્રાંબું અથવા બીજી કોઈ ધાતુ વટીક દીલપર નામવાની ધાસ્તી આપી, એ સદ્દ-ગુણો તજી દેવા સમજાવે, તો પણ તેમ કરવું નહીં.

અમરદાદ—અરદીબેહેસ્ત.

અમ઼રદાદ—શેહેરેવર.

ઓહ! પૈસા માણસનું મન કેવું ફેરવે છે! બેશક દોલતની સત્તા મોટી છે. પણ આંબી સારૂં છે કે, એમાંજ બધી સત્તા સમાયલી નથી. નહીં તો માણસ આસમાનનાબી ટુકડા કરવાની હીંમત કરતે. અને જો કે પૈસા તો બધાંને ભાવે છે પણં તેની દરકાર નહીં કરે એવાબી થોડાઓ છે.

બધા મીનોઈ આશીષોનો વરસાદ તારાપર વરસો!

અમરદાદ—અસફંદારમદ.

અમરદાદ—ખોરદાદ.

તમારૂં સુભાગ્યજ તમુને દોરવે !

કીરતાર તમારી ભલી ઉમેદ બર લાવે ! તમુને સહી સલામત લઈ જાય ને હુસતા રમતાં પાછાં લાવે !

અમરદાદ—અમરદાદ.

અમરદાદ અમેશાસ્પંદનું જશન.

અમરદાદ—દએ પ આદર.

કેળવણી અને જ્ઞાનની નેમ માણસને તેનું નાચીજપણું દેખાડવાની છે. તે જ્યારે તેની મગરૂરી વધારે, અને મનની જરા રતી ચહડતી શક્તિથી તેનું મન ફરી જાય, ત્યારે જાણવું કે તેનું જ્ઞાન ઘણું ઉંડું ન હશે.

તારી બલુ આકાશ જેવી બલુ આંખોએ નહીં, તારા વસંતના ગોલાબ સાથ હરીફાઈ કરે તેવી ગોલાબી ગાલોએ નહીં, તારાં શુંદર કપાલપર ઝલકતાં સોનેરી ઝુલફાંએ નહીં, તારા પરવાલાં સરખા હોઠો યા મોતી જેવા દાંતોએ નહીં; પણ તારી ઉત્તમ અશોઈએ મારૂં જીગર જકડયું છે.

અમરદાદ—આદર.

અમરદાદ—આવાં.

જો હું દોસ્તીની કબુલાત આપીશ, તો તે અંત સુધી પાળીશ.

સાચું જીગર સોનાને મુળનું છે.

અમરદાદ-ખોરશેદ.

અમરદાદ-મોહોર.

તું કેહ છે કે, તારો કાળ ચંદ્ર છે. પણ ચંદ્ર કે જે આકાશ તથા પૃથ્વીની રાણી સમાન છે; જે પૃથ્વીને સુંદર રોશણી આપવાનું ને અતીઅંત સારૂં કરવાનું સાધન છે, તે તું એક ધુલની રજ જેવાને તોડી પાડવાને કેમ કબુલ કરે! હું તો એટલાજે સારપર આવું છું; કે જે થાય છે તે પરવરદેગારના હોકમથી થાય છે.

તે જેમ બળમાં શુરો તેમજ ભલાઈમાં પુરો છે.

અમરદાદ—તીર.

અમરદાદ—ગોશ.

ખોદા પાસ એટલુંજ માંગું છું કે, તે આપણને આપણી મુશ્કેલીઓમાંથી છોડવે. હા, એ માંગણી મધ્યમ છે અને હું ઇચ્છું છું કે પરવરદેગાર તે પુરી પાડે.

આ તે ખરો વફાદાર અને મેહનતુ વાહળો દોસ્ત!

અમરદાદ-દએ ૫ મેહેર.

અરમદાદ-મેહેર.

તે ગંભીર મીનારાની પવીત્ર શાંતીમાં, સ્વચ્છ હવામાં, અને મધુર ઝાડોની લંપતમાં, મારાં રૂહની, નેગેહબાંની સરોશ ઈજીદ કરો !

સચ્ચાઈ તેની સેવા કરશે, પવીત્ર અને મીનોઈ વિચારો તેનીના સલાહકાર જેવા છે; અને બધાં તેને ચાહે છે; અને તેનીનાં પોતાનાં તો તેને આશીષ દેશે.

અમરદાદ—સરોશ.

અમરદાદ—રશ્ને.

મને અજાયબી લાગે છે કે, માણસ, મોતથી છેડો છેજ અને જ્યારે ગમે ત્યારે તે આવશે એમ જાણ્યા છતાંબી તેનેથી બીહે.

મારા આ નશીબને હું ધીરજથી તાબે થાવું છું. કાંય કે તેનો અટકાવ થનાર નથી.

અમરદાદ-ફરવરદીન.

અમરદાદ-બેહેરાંમ.

સરખા ગરેહ રાસીનાં જોડાં સાંધનાર પરવરદેગાર તમારાં બેઉનાં જીગર એક કરે.

તેનામાં ઉદાશીનો ખવાશ તો છેજ નહી.

અમરદાદ-રાંમ.

અમરદાદ-ગોવાદ.

તેઓ વિદ્યા હુનર જે જીંદગીને ચહડતી બનાવે છે તેના, અને અજબ જેવી શોધખોળનાં ખાં જણાય છે, પણ પોતાનો બનાવનાર કે જેની મદદથીજ તેઓ શીખ્યા છે **તેની** દરકાર કરતા નથી અને **તેની** બક્ષેસ કદી કબુલ કરતા નથી,

શું આબાદી વધારવાના પ્રમાણીક રસ્તાઓ નથી? તમે ચંચળ છો તો પોતાને મલેલી મોટી બક્ષેસોનો સારો ઉપયોગ કરો, અને તમે પોતે સુખી થઈ તમારી કોમને મગરૂર કરશો.

અમરદાદ-દએ ૫ દીન.

અમરદાદ-દીન.

ઓહ? એ તો જાણે સખાવતનો શાંહ છે!

તમારા જેવા માણસે તો નમ્રતા અને માણસાઈ માયાનો દાખલો બેસાડવો જોઇએ. તમારા જેવી વર્તણુક જો હું ચલાવું તો એમ કેહવાય કે, હું થોડો ભણેલો છું તેથી, પણ તમારી ઉંચી વિદ્વતાં પછી તો આવુંબી કાંઈ બાહનું રેહતું નથી.

અમરદાદ—અશીશવંઘ.

અમરદાદ—આસ્તાદ.

હમણાં તો નશીબ સાથ લડત ચલાવ.

નબળી ધારવામાં આવતી ચીજોથી દુનીયાની મજબુત ગણાતી ચીજોનો નાશ થયો છે અને દુનીયામાં ડાહ્યાં ગણાતાં કામો તદન ગરીબોથીબી થયાં છે.

અમરદાદ—આસ્માન.

અમરદાદ—જમીઆદ.

ચહડતીમાં જે ફુલાય તેને પડતીમાં ધીરજ ન રહે !

ખરૂં છે કે તારો સુંદર શરોદ સાંભલી બુલબુલ પણ સ્તબ્ધ થઈ જાય છે, ને તારા હાથોની બરોબરી કરવાને મારા બાગમાં એકબી ફુલ નથી; પણ તે સફેદ હાથો અને સુંદર શરોદ પર નહીં, તેટલો તારી ભલમનસાઇપર વાહલી, હું ફીદા છું.

અમરદાદ–મારેસ્પંદ.

અમરદાદ–અનેરાંન.

અગાઉ હું મારી મતલબ માટે બંદગી કરતો હતો યાને પરવરદેગાર પાસ મારી આબાદી ચાહતો હતો, પણ ગરીબાઈએ મને એક સાદી ફરજ શીખવી છે કે કેબલાની મારફતે તે કીરતારની હજુર મારી શુકર-ગુજારી રજુ કરવી જોઈએ છે. ટુંકમાં "બક્ષેસો કરતાં વધારે તારી દયા હોજો."

તેઓ નીરંતર વાંચે છે અને જો તે વાંચનની ઉપરાંત નહીં તો બરાબરણી મનશકિત અને તોલ ધરાવતો નથી તો તે અસ્થીર અને અચોકસ છે. ચોપડીઓમાં કાબેલ. પણ પોતેતો સાંકડો, અને બચ્ચાં માફક કોરા વીનતો જાણવો.

શેહેરેવર–હોરમજદ.

શેહેરેવર–બેહમન.

જો હમણાંથીજ અશોઈની રાહે ચાલી પસ્તાવો કરવા માંડશો તો એક ભાંગેલું હાડકું જેમ સાંધ્યાથી વધુ મજબુત બને છે, તેમ પરવરદેગાર સાથની તમારી સુલેહ વધુ મજબુત બનતી જશે.

તુંને શેહેરેવર દરેક સખી માણસ તરફથી દોલતનું બખસવું કરે.

શેહેરેવર—અરદીબેહેસ્ત.

શેહેરેવર—શેહેરેવર.

શેહેરેવર અમેશાસ્પંદનું જશન.

આબાદીમાં જે સભ્યતા રાખે તેની અવરદશામાં એ શોભા રહે છે, ને જે મગરૂરી કરે તે ખાસડાં ખાય.

જો આખું વર્ષ મોજમજાહજ કરવાની હોય તો તેબી પછી કામકાજના જેવીજ કંટાલા ભરેલી થઈ પડે. પણ અવારનવાર મોજમજાહ હોય તોજ તે મનગમતી થઈ પડે.

શેહેરેવર—અસફંદારમદ.

શેહેરેવર—ખોરદાદ.

આબાદી તારી આજ્ઞામાં રહો!

ખોદા તો એકજ છે. સૂર્ય અને ચંદ્ર પોતાનો નેમેલો માર્ગ લેતા રહ્યા છે. ખુદરતની બધી શક્તિઓ ફેરફાર વંના કાયમ છે. ધરતીમાતા તો જેવી ને તેવીજ માયાળુ છે અને પૃથ્વીની હસ્તીથીજ માણસાઈ ખવાસ અને હુવસબી ફેરફાર વના જેના તેજ રહ્યા છે. પણ અંતકરનની સલાહુથી ચાલો તો ઘણું ભલું કરવાને શક્તિવાન થશો.

શેહેરેવર—અમરદાદ.

શેહેરેવર—દએ પ આદર.

તમારૂં મન દુનીયાઈ બાબદોમાં રોકી, બબડી જઇ કીધેલી બંદગી દાદારને દરવાજે પોંહચાડવાની આશા રાખશો તો ફોકટ.

તું એક ફરેસ્તા જેવી છે, અને ફરેસ્તાઓ તારા જેવા હશે.

શેહેરેવર—આદર.

શેહેરેવર—આવાં.

તોખમ, ખુબસુરતી, શુંદર કદ, જબાંનની મીઠાશ, મરદાંનગી, વિધ્યા, નમ્રતા, નેકી, જુવાંની, ઉદારતા અને એવા ગુણોજ ભરી જુવાંની દીપાવશે !

"કલજુગ"નો સને હજુ નકી થયો નથી. હું ધારૂં છું કે, દુનીયાની શરૂઆત સાથેજ તે શરૂ થયો હશે. દરેક જમાનાએ પોતાનાં ભુંડાં કામોનાં બચાવ માટે એ ઓછું ઘણું સગવડ ભર્યું ધાર્યું હશે. તે જમાનાઓમાં જે બુદ્ધી માણસને દોરવતી હતી અને અંતકરણ કાબુમાં રાખતું હતું તે આજેબી છે. તો તેના કહ્યાસર ચાલી સુખી થાવો !

શેહેરેવર—ખોરશેદ.

શેહેરેવર—મોહોર.

આપણો બુલંદ સેતારો ઝાંખો પડવા માટે આપણે અફસોસ કર્યે છીએ; પણ એવો ખાલી અફસોસ કીધાથી કોઇબી તે સુધારી શકયું નથી, માટે ઉદ્યોગ કરો.

એક ભલા દીકરા, હેતવંતા બાપ, મેહરબાંન ભાઇ, તાબેદાર ભત્રીજા, ગુણી પીતરાઈ, સાચા દોસ્ત, અને એક ભલા મરદ તરીકે એવનના જેવા થયાબી નથી, અને થવાનાબી નહીં.

શેહેરેવર—તીર.

શેહેરેવર—ગોશ.

તે, કે જેના હાથમાં મારી જીંદગીને હંકારવાનું સુકાંન છે, તે મારી જીંદગીનાં વાહણનાં સઢોને સીધી દીશાએ મુકે !

દયા અને ઈનસાફથી તું આ અને પેલી દુનીયામાં કીર્તી પામશે, પણ દયા પેહલેથી છેલ્લે સુધી વધારે ઝલકતી રેહશે.

શેહેરેવર—૬ઐ ૫ મેહેર.

શેહેરેવર—મેહેર.

જીંદગી કેટલી ફોકટની છે. ભલાઈ તરફ તેની નેમ નહીં હોય તો આપણુને બનાવાની મતલબની ફોકટ જાય છે. ફકટ કસોતી, હુમત, હુખત, અને હુવરસ્ત છે.

જેઓ પોતાનાં અંતકરણના કહ્યા પ્રમાણે નહીં ચાલે, તેઓ ગમે એટલા અને ગમે એટલો વખત આબાદ હોય તોપણ, તેઓ પોતાનાજ દુશ્મન છે.

શેહેરેવર-સરોશ.

શેહેરેવર-રશને.

જે. કાંઇ નેકી ને ભલાઇ કરી લીધી તે આપણી, બીજી બધું ફોકટ ને પરાયાંનું.

ધીરજ ધર. દુનીયાં બોહળી છે.

શેહેરેવર—ફરવરદીન.

શેહેરેવર—બેહેરાંમ.

જેબી ભલી ઈચ્છાઓ તું ધરાવે, તે તારી સેવામાં હાજર રહી પાર પડો!

તે ભયભર્યો હઠીલો છે. અને જયારે તે ખોટે મારગે જાય તારે તો ખોદા પનાહ આપે. કારણ કે, પોતાનાં કમઅક્કલ ભેજાં શીવા બીજી કોઈ પણ રીત યા કોઈ પણ માણસથી સીધે રસ્તે આવવાની એ કદી કોશેશ કરનાર નથી.

શેહેરેવર-રાંમ.

શેહેરેવર-ગોવાદ.

ઘણું જાણવાનું ડોલ નાં ઘાલ. નમનતાઈ હાંસલ કર! નમનતાઈ અને સચાઈથી ફાવશે.

મેં તો તારૂં કામ ધરમ ખાતર કીધું છે. તું જે મને આપવાનો હોય તે તારાં છોકરાંને આપજે અને મને તો ફકત તારી ભલી દુવાઓ આપ.

શેહેરેવર-દએ ૫ દીન.

શેહેરેવર-દીન.

ગમે એવાં અશો માણસનેબી, દુનીયાઇ જંજાલનો ભાગ તો પરવરદેગાર આપ્યા વના રહેતો નથી.

તું જેટલો ખુબસુરત છે, તેટલો ડાહ્યો પણ છે.

શેહેરેવર–અશીશવંઘ.

શેહેરેવર–આસ્તાદ.

પએતેશહેમ ગાહામબાર.

તારૂં નશીબ ખરાબ હશે, પણ તેથી તું નાહીંમત થઈશ નહીં.

નુકસાન થયું હોય તેનો કીનો લેવાથી નહીં, પણ તે ખમવાથી તેની ખરી કીંમત જણાશે.

શેહેરેવર-આસ્માન.

શેહેરેવર-જમીઆદ.

આ બોજો ખમવાને તે ગેબી સાહેબ એને સબુરી બક્ષે!

તેણી જુવાંન છે અને ઉત્તમ, શરમાળ ખવાસ-વાળી છે.

શેહેરેવર—મારેસ્પંદ.

શેહેરેવર—અનેરાંન.

દુનીયા બોહળી છે. અને પરવરદેગાર કોઈ વેળા મોટાં મોટાં કાંમો નાહનાં નાહનાં સાધનોથી અને હલકામાં હલકા માણસોને હાથથી બનાવે છે.

કેળવણીની નેમ અને મતલબ માણસને ઉંચે દરજજે ચહડાવી, તેની સર્વથી ચહડતા પ્રકારની પ્રેરણાને ખીલવવાની છે તેમજ પોતાના ભાઈબંધોને ચાહતાં અને પોતાથી ઓછા કેળવાયલાઓનેં તો વધારે ચાહતાં શીખવવાની છે.

મેહેર—હોરમજદ.

મેહેર—બહમન.

હેચું દાઘ વનાનું હોય તો પછી બીહવાનું શું છે?

આદરબાદ મારેસપંદનાં શરીર ઉપર તાવેલું ત્રાંબું રેડવામાં આવ્યું તે તેને મનથી દુધ રેડાતું હોય એવું લાગ્યું કારણ તેનું દીલ સાફ હતું; તેને ગુનાહ નહીં કીધો હતો અને સદગુણો માટે દીલ સખત રાખ્યું હતું, તેથી તેને ઈજા થઈ નહીં.

મેહેર—અરદીબેહેસ્ત.

મેહેર—શેહેરેવર.

બેસતાં સાલની સાથે નવી નવી ખુશાલીઓ હું તને ઇચ્છું છું!

ભલા ફરેસ્તાઓ તારાં માથાપર ભમી, પોતાની પવીત્ર પાંખોવતી તને છાંયો આપે!

મેહેર—અસફંનદારમદ.

મેહેર—ખોરદાદ.

ખોદા બધાંની ભલી મુરાદો બર લાવે!

માણુસ અંતકરણને ભુલી જાય યા તેને નાફરમાંન થાય તો તરતજ ખોટી ઈચ્છાંઓ અને હવસો તેનાપર કાબુ મેલવશે, અને તે માણુસ જે અત્યાર સુધી છુટો હતો તે ગુલામ જેવો થઈ જશે.

મેહેર-અમરદાદ.

મેહેર-દએ ૫ આદર.

તમે જે બંદગી કીધી હોય તે પેલો પવીત્ર કેબલો પરવરદેગાર હજુર પોંહચાડે, એવી મારી દુવા છે !

વસંતરૂતુનાં દીવસ સાથે તારી સરખામની કરૂં ? તું તે કરતાં પણ વધુ સુંદર અને વધુ અંદાજભરી છે.

મેહેર-આદર.

મેહેર-આવાં.

એક ભલુ' હૈયુ' જે છે તે, ખોરશેદ અને ચ'દ્ર નાં જેવુ' છે; બલકે ખોરશેદ જેવુ' છે; કારણુ કે તે ઝલકે છે અને તેમાં વધ ઘટ થતી નથી, પણુ પોતાનો રસ્તો નીયમીતપણે લેયુ' જાય છે.

અભણુ અને આળસુઓ પોતાની સડકણી જણાંથી શુ' નુકશાંન થશે તેના વિચાર વગર બીજાંનાં કામમાં માથુ' ખોસે છે, માટે ઉદ્યમમાં રોકાવો.

મેહેર-ખોરશેદ.

મેહેર-મોહોર.

તેનાં બોલોપર મારો ઈતબાર છે; તેનું હેત ખરાં દીલનું છે; તેની આંખ માંહેલાં આંસુઓ તેનાં નરમ હૈયાંનાં ગુવાહ છે, કે જે હૈયું આસમાન ને જમીન વચે જેટલો અંતર છે, તેટલુંજ દગા ફટકાથી દુર છે.

ખોદા કરે ને તું જેવો દેખાય છે તેવોજ તારા દેશનો દોસ્ત હોય, અને જેણી કરે તેમાં અંદાજાસરનો રેહ.

મેહેર-તીર.

મેહેર-ગોશ.

દાદાર અહુરમજદ જો કરવા માંગે તો, આખી દુનીયાના ભવીષ્ય-વકતાઓ બી તે અટકાવી શકનાર નથી.

ઈનસાફ અને સચાઈ ઘણી વેળા ઉંધાં વળે છે, પણ અંતે તો તેઓનીજ ફત્તેહ છે.

મેહેર-દએ પ મેહેર.

મેહેર-મેહેર.

મેહેર મહીનાનું જશન

તું જુવાંન છે. દુઃખનો ઓળો દીઠો નથી. ખોદા કરે ને જીંદગીનાં ડુંગર પર ચહડતી વેળાએ ભાગ્યદેવી તારી સાથે હસતી રેહી, તારી પનાહ પોસ્તી કરે ?

મારા દોસ્તનાં હેતનો તોલ, હું મારાં તેની તરફનાં હેતથી કરૂં છું.

મેહેર-સરોશ.

મેહેર-રશ્ને.

હું જ્યારે મારા ભલા દોસ્તોને યાદ કરૂં છું, તે વખતે મને જેટલો સુખી સંમજું છું તેટલો બીજે કોઈ વખતે ન હોઈશ.

મારા દોસ્ત, તારી શાલગરેહ મુબારક હોજો! તારી આસપાસની બધી ચીજો ખીલતી રેહજો! કાં જે તારા વગર આ દુનીયાં મને અંધકાર જેવી થઇ પડતે.

મેહેર–ફરવરદીન.

મેહેર–બેહેરાંમ.

રાગરાગણી મેલવેલા અવાજોથી કાનને જે ખુશાલી લાગે છે તે કરતાં વધુ ખુશાલી પરણેલાં જોડાંનો સંપ જોઈને ઉપજે છે.

ધીરજ, શાંત સ્વભાવ, દલીલો અને તકરારો સાંભળી તોલ કરવું, અને ફર્યાદનું કારણ હોય ત્યાંથી અળગા કરી જવું, તે તે સ્ત્રી.

મેહેર-રાંમ.

મેહેર-ગોવાદ.

સહવારે, સાંજે, રાતે અને હર વેળાએ **તેની** પરજ વિશ્વાસ રાખજે, કશાંથીબી અવિશ્વાસુ થતો ના!

સચાઈના કાંટામાં મેહર દાવર સારાં અને નરસાં કામોનો તોલ કરી બેહસ્ત અને દોજખ આપશે, અને જે માણસને તે એમ કેહશે કે, "હોરમજદનાં નોકર! તેં સારૂં બંજાવ્યું છે" તે કેવો ભાયગશાલી?

મેહેર-દંએ ૫ દીન.

મેહેર-દીન.

આ ફુલો જે છે તે તાજગીની ઈંધાણી જેવાં છે. તે જેવાં ખોદાઈ પીછીએ રંગાયલાં, ઝળકતાં અને ખીલતાં છે, તેવુંજ તમારૂં જુવાંન હૈયું અશોઈથી ખીલી નીકલો !

તે પક્ષીનાં જેવો હલકાં હૈયાંનો ને ખુશ મીજાજીછે.

મેહેર-અશીશવંઘ.

મેહેર-આસ્તાદ.

અયાથ્રેમ ગાહામબાર.

નશીબનાં ફટકાથી માણુસ ઘડાય છે.

તું બરફ જેવી સ્વચ્છ અને પાણી જેવી નિર્મળ હશે, તો પણ નાલેશીથી બચનાર નથી.

મેહેર-આસ્માન.

•

મેહેર-જમીઆદ.

તારા સંસારનાં કુંડાળામાં દુઃખનો ઓળો વતીક ન પડે! પણ સુખનાં મધ્યબીંદુની આસપાસ બધા આશીષો ફરી વળે!

નમ્રતા અને સાલેસાઈને તારાં હથીયાર બનાવ.

મેહેર-મારેસ્પંદ.

મેહેર-અનેરાંન.

તે કીરતારની કરામત આગળ શું કાંઈબી ન બને એવું છે?

એક સારી કેળવણીવાળું માણુસ પોતાના ભાઈબંધોને ચાહવાનો ગુણ નહીં ધરાવે તો પછી તે કેટલો ધીક્કારને પાત્ર છે. નહીં પણ તેને ધીક્કાર્યે શું કરવા? તેની દયા ખાવી જોઈએ.

આવાં—હોરમજદ.

આવાં—બેહમન.

ખોદા યા નશીબ મને ગમે તે હાલતમાં મુકશે, તે બધી વેળાએ હું વફાદાર, સાચો, અને ખરો ગ્રહસ્થ રહીશ.

ધાતુઓનો સમાર્ગે ઉપયોગ કરવાથી અને સાચી વયવસ્થાને પસંદ કરવાથી, અહુરમજદ પણ ખુશનુદ થાય છે.

આવાં—અરદીબેહેસ્ત.

આવાં—શેહેરેવર.

મીતાહારપણાંની તપાસ માટે, પરવરદેગારે પૃથ્વી પર પુરતાં કરતાંબી વધારે બક્ષેસ કીધી છે. :તેની ફળદ્રુપતાનો પાર નથી.

સુખનાં એકેકથી ચહડીયાતા દીવસો ભર્યાં, ઘણાં ઘણાં વર્ષો જુવો.

આવાં—અસફનદારમદ.

આવાં—ખોરદાદ.

ખુશાલીથી ભરપુર અને દુઃખના કતરાથી દુર, એવું બેસતું શાલ તમને ઇચ્છું છું!

ખુદા તમને સુખી કરે! અને તમને નમ્રતા બતાવાની, બધાંને ચાહવાની, સખાવત કરવાની ઘટતી ફરમાબરદારી કરવાની, અને ખરી રીતે ફરજ બજાવાની બુદ્ધિ આપે!

આવાં—અમરદાદ.

આવાં—દએ પ આદર.

હું જાણું છું કે, તારામાં નમ્રતાનો ઉત્તમ ગુણ છે અને તેથી તારૂં હૈયું શાંત છે.

તેણીનો અવાજ ઝીણો, ધીમો અને મધુર છે; કે જે સ્ત્રી જાતીને શોભા આપનારી એક ચીજ છે.

આવાં-આદર.

આવાં-આવાં.

આવાં અરદ્દીસૂરનું જશન.

આજનાં શુભ દીવસે હું તુને મળી શકશ નહીં, પણ આ મારો કાસદ તુંને કેહશે કે, પરવરદેગારના ખજાનામાંની બધી ભલી બક્ષેશો હું તને ઇચ્છું છું!

તેને બધે ઠેકાણે આદરભાવ મળશે તેની જામીનગીરી એજ કે તે એવા આદરભાવને લાયક છે.

આવાં-ખોરશેદ.

આવાં-મોહોર.

આકાશમાંનો સૌથી ઝળકતો સેતારો તારી નેગેહબાંની કરે! ભલા ફરેસ્તાઓની પાંખો તારૂં રક્ષણ કરે!

દુઃખનાં દરીયાની સામે હાંમ ભીડો અને તમારી બાહાદુરીથી તેનો છેડો લાવો!

આવાં-તીર.

આવાં-ગોશ.

દુખીયાંને જોઈ તેનું દીલ દાઝે છે, અને સખાવતમાં તેનો હાથ છુટો છે.

જેનામાં મીત્રમંડલમાં ભેળાવાનો ખવાસ ન હોય તેને મનથી મંડલીમાં મજાહ નહીં.

આવાં-દએ ૫ મેહેર.

આવાં-મેહેર.

કોઈને માટેણી બોલતાં જબાં ખાંચ, કારણુ કે આ-પણુ બધાં ગુનેહગાર છઈએ.

રાસ્ત વિચારોથી સુખી થશો, રાસ્ત બોલોથી સુખી કરશો, અને રાસ્ત ચાલથી તમો પોતે અને તમારા વંશવેળાને મોટા અને ઉત્તમ કરશો.

આવાં—સરોશ.

આવાં—રશ્ને.

દુનીયામાં મારો રસ્તો કાપતાં, ઘણાંક ફેરફારો મને જોવા પડે છે, પણ તું મને યાદ કરે છે એ વિચારજ મને ખુશ કરવાને બસ છે.

હીંમત રાખ, હુજુબી સારૂંજ થશે.

આવાં-ફરવરદીન.

આવાં-બેહેરામ.

શીઆળાનો ગમે એવો ઠંડો ફુંકતો પવનબી તમારાં હૈયાંને ઠંડું કરે નહીં! હુમેશાં ખરી દોસ્તી અને પ્યાર તમે અને તમારાં બતાવજો!

તેનો દેખાવ ગંભીર લાગે છે, પણ તેનું હૈયું માયાળુ છે.

આવાં-રાંમ.

આવાં-ગોવાદ.

દાદારની સેવા ભલાં કામોથી, અને ખુશ ઉદ્યમથી ફરજ બજાવ્યાથી, અને સચાઈ અને પરોપકાર, તથા **તેને** બનાવેલા જીવડાઓનું ભલું કીધાથીજ બજાવાય છે.

ધર્મ પર ઈમાન તથા વિશ્વાસ રાખી, ભલી માઝદયસની દીનની સેતાએશ કરો !

આવાં-દયે ૫ દીન.

આવાં-દીન.

તારી જુવાનીમાં શણગાર તરીકે સચાઈનું કીંમતી મોતી ખરીદી રાખ!

આપણું ઘચુપચુપણું આપણને ઘણાંક મોટાં કામો કરતાં અટકાવે છે, કારણ આપણે તે કરવાની કોશેશ કરતાં બીહીજયે છીએ.

આવાં—અશીશવ ંધ.

આવાં—આસ્તાદ.

નસીબની સામે તે કદી થનાર નથી. આપણું સારૂં શામાં છે તે પરવરદેગાર વધુ જાણે છે. તો તેને સરજેલી હાલત પર સંતોષ પકડી તે પોતાની ઉપયોગી જીંદગી ભોગવે છે અને બીજાંને સુખ આપી તેમાં પોતાનું સુખ મેળવે છે.

ગરીબો અને દુઃખીયાંઓ તેને ચાહે છે. કાંય જે તે હમેશાં તેઓ તરફ દીલસોજી દેખાડે છે. દુઃખથી કચડાયલાંઓ પોતાનો ભાર તેની આગલ પોતાનું દુઃખ કહી ઓછો કરે છે, કાંય જે તે તેઓને માયાના બોલોથી રીઝવે છે.

આવાં–આસ્માન.

આવાં–જમીઆદ.

સહવારનાં પોહરમાં હવે ધોઈ કાહડેલા ગોલાબ જેવી સ્વચ્છ અને મીનોઈ તું છે.

માતા પવીત્ર અધીકારથી પરવરદેગારે તેણીને આ-કાત રાખી છે. છતાં તેણીના આશરામાં નાહનાં ભુલકાંઓ દોડે છે કારણ આ સારીપેઠે જણાયલું છે કે, તેણી મા વગરનાંઓની મા થાય છે.

આવાં—મારેસ્પંદ.

આવાં—અનેરાંન.

મીનોઇ ચાહ કેટલો ન પોંહચી વળાય એટલો ઉંડો છે! તે પ્યાર તું હંમેશ મેળવ!

તારૂં અડબડાત વગરનું ખમવું, તારા બીજાઓ માટેના ભોગો, અને તેઓ માટેની માયાભરી કાળજી એ બધાનો સરવાલો, એક એવો પ્યાર બતાવે છે કે જેનો બીજો નમુનો મળનાર નથી. અને તે વર્ણન અને વખાણની હદની બાહેર છે.

આદર-હોરમજદ.

આદર-બહમન.

ગમે એવું દુઃખ, દલગીરી, યા ગેરઈનસાફ ખમતી વેળાએ, તારા હોઠ પરનાં સચાઈનાં હસવાંને પાછું નાં હઠાડતો !

તું છતે પૈસે ગરીબ છે; કાંય જે મોત તારો બોજો ઉતારશે ત્યાં સુધી, એક સોનું લાધેલા ગધેડા માફક, પૈસા લાઢી તું તારી મુસાફરી કરે છે.

આદર–અરદીબેહેસ્ત.

આદર–શેહેરેવર.

આજથી નસીબદેવી તમારાપર પ્રસન થઈ, બધી દુનીયાઈ બક્ષેસોથી હમેશાં નવાજેલાં રાખે!

તુંને અનહદ સુખ ઇચ્છતાં હું દુવા માંગું છું કે, ગયલાં વર્ષો કરતાં વધુ ખુશાલી તુંને આવતાં વર્ષોમાં મલે!

આદર—અસફનદારમદ.

આદર—ખોરદાદ.

આ મારા પેગામચી જોડે મોકલેલી દુવા કબુલજો! કે ખોદા તમુને સુખનાં ઘણાં વર્ષ દેખાડે, ને જીંદગી લાંબી કરે.

જો આ વર્ષમાં દુઃખ, જંજાળ અને ચીંતા આવી પડે તો જાણજો કે, ભવીષનાં સુખનો રસ્તો મોકલો થાય છે!

આદર—અમરદાદ.

આદર—દએ પ આદર.

કેબલાને સુખડ લોબાંનનાં ઢગવતે નવાજ્યાથી તમે અહુરમજ્દને પોંહુચી શકતા નથી; પણ તમારા નિષ્કલંક ભકિતભાવથી તેને ખુશનુદ કરો !

કાંતાવાળા રસતા પર તેણી પુલો બીછાવે છે; અને અંધકારને દીવસમાં ફેરવે છે; વાહુણી સહી ! પ્યાર અને સચાઈમાં તું ભરપુર છે.

આદર—આદર.

આદર મહીનાનું જશન.

આદર—આવાં.

ખોદાઇ રોશણીઓથી તારી જીંદગીના રસ્તા પર ઉજરડું પડે! તે તારી નેગેહુબાંની કરી, તારી જીંદગીની જંજાલોનો બોજો ઓછો કરે!

ઉગતી સહુવારે અને નમતી સાંજે, મધુર સ્વપનાઓ તારી આગળ ગેલ કરે ત્યારે વાહલા દોસ્ત મને ભુલતો નાં!

આદર–ખોરશેદ.

આદર–મોહોર.

ખોદાઈ રોશનીઓ તારો ભોમીયો થાય! અને તું પરવરદેગારની પનાહમાં રેહ!

હીંમતની સાથે જે સદગુણ જોઈએ તે ડાહપણ છે.

આદર-તીર.

આદર-ગોશ.

મારૂં જીગર હજુર તેનાજ હાથમાં છે. ને જ્યાં સુધી જીવશ ત્યાં સુધી તેને માટે બંદગી કરશ.

મોટા ન્યાયાધીશ મેહર દાવરના ઈનસાફ આગળ માણુસાઈ હીકમત અને કાવાદાવા કેવા ફોકટ થઈ પડે છે?

આદર-દએ પ મેહેર.

આદર-મેહેર.

ડાઘાવનાના હૈયાં કરતાં વધુ મજબુત બખતર બીજું કયું હોય ?

હું સબુરીનાં નમુના જેવી થઈશ.

આદર-સરોશ.

આદર-રશ્ને.

પ્રમાણીક નીષ્ટાને ખાતર મારા બાપ ગરીબી ભોગવી ગયા, તો તેમને પગલે ચાલવાનો ઠરાવ કરતાં મેં નક્કી કીધું છે કે મારાં નાકેશ મત પ્રમાણે—સામાન્ય આબાદી માટે જે જરૂરનું હોય—તેને ટેકો આપવો.

બંદગીની ઢાલની મદદથી તને દુઃખ અને જંજાળમાંથી બચાવું.

આદર-ફરવરદીન.

ફરવરદીઆનનું જશન.

આદર-બેહેરાંમ.

કેટલાક પ્યાર એવા હોય છે કે, જે પૈસા ખરીદી શકતા નથી, પણ દુઃખનાં વખતમાં આપણી વધારે પાસે આવે છે, અને બધું જ્યારે દુર થાય છે ત્યારે તે આપણી આગળ રહે છે, ત્યારે ચાલો જેટલો વખત આપણને અહીં રેહવું છે તેટલો વખત વાહાળથીજ રહીએ.

સાદું ખાનું, પણ અતી આદરભાવ, જ્યાફત આપનાર અને લેનાર બંનેને ખુશ કરે છે.

આદર-રાંમ.

આદર-ગોવાદ.

આપણુ બધાં માણુસ છીએ, અને માણુસાઈ નબળાઈઓને આધીન છીએ; ફરેસ્તાઈ ખવાસ તો થોડાંનોજ હશે. તે થોડાંઓમાં અમેબી ઉમેરાઈએ.

કયારે કરી નાં પુછો, પણ **તેની** મરજી થાય ત્યાં સુધી થોભો; કેમ કરી નાં પુછો, પણ **તેને** ભરૂસે રહો; ફકટ **તેના** પરજ વીશ્વાસ રાખો, અને તમારી બધી જરૂરીયાતો તે પુરી પાડશે.

આદર-દએ ૫ દીન.

આદર-દીન.

પેહલાં તમે તમારા પોતા તરફ સાચા રહો, તો દીવસ પછી જેમ રાત આવવીજ જોઈએ, તેમ તમે બીજાઓ તરફ પણ કદી નીમકહરાંમ થઈ શકશો નહીં.

તને મોટો માણુસ બનાવાનો. મારા વાહલા દીકરા, તારા જનમ વેળાએ ખુદરતની સાથે નસીબ દેવી પણ જોડાઈ હતી.

આદર-અશીશવંધ.

આદર-આસ્તાદ.

કોઈએ પણ પોતા ઉપર યા પોતાના બચ્ચાં ઉપર શું આવી પડશે તેની આગાહી જાણવાની કોશેશ કરવી નહીં; તેને સંકટની તો ખાતરીજ રાખવી, કે જે આગાહી કીધાથી અટકનાર નથી, અને તે માટેની આગળથી ચીંતા તે ખુદ સંકટ કરતાં કાંઈ ઓછી નથી, એટલે તેનો જીવ અંદેશામાં પડશે, જે ખમવો બહુ ભારી છે.

જે તમે કરવા ધાર્યું હોય તે કરી લેવો. કાંય જે દુનીયામાં ફેરફાર તો ચાલુજ છે.

આદર-આસ્માન.

આદર-જમીઆદ.

પવીત્રાઈ અને મધુરતા શીવાય બીજું કાંઇ મેં તેનામાં જોયું નથી.

જ્યાં સુલેહ રાખવી જોઈએ ત્યાં વઢવાઢ શું કામ મચાવો છો? જેની સેવા કરવા, ચાહવા, અને તાબે થવા તમે બંધાયલા છો, ત્યાં હાકમી કરવા અને જુહાકી ચલાવવા માંગો તે જાણી મને શરમ ઉપજે છે.

આદર–મારેસ્પંદ.

આદર–અનેરાંન.

પરવરદેગારની મોટાઇ અને શક્તિ બધે પ્રગટ છે. જ્યાં **તેને** છુટે હાથે સુખ પાંથર્યું છે, ત્યાં આપણું નાચીજપણું વધુ દેખાઈ, આપણું હૈયું વધુ નરમ થાય તેમાં શું આશ્ચર્ય ?

બેશક, તમે ભણેલા અને કુશળ છો. પણ તમે જે ફાંકો રાખો છો કે, તમારી હદની બહારનું તો કાંઈ સારૂં છેજ નહીં, તો તે ફાંકો ફોકટ અને તુચ્છકારવા જોગ છે. તમે જાણવું જોઈએ કે વિદ્યા, હુન્નર અને જ્ઞાન જો કે સારૂં છે, પણ તમે કાંઈ દેવતાઈ જ્ઞાન ધરાવતા નથી, અને તે કીરતારે કાંઈ તમોનેજ શ્રેષ્ટાઇ આપી દીધી નથી.

દએ-હોરમજદ.

દએ મહીનાનું પેહેલું જશન.

દએ-બેહમન.

માણુસની દાઘા વીનાની આબરૂ, એ ખજાનાની મીસાલ છે.

નસીબ દેવી! તારા બધા ફાંટા છતાં તારી મેહરબાની માટે આભારી છું.

દએ-અરદીબેહેસ્ત.

દએ-શેહેરેવર.

મેંદીનો રોપો જેમ કદી કરમાતો નથી, તેમ તમારૂં સુખબી અખંડ રહો !

આજે તમારાં બારણાં પર ફુલોની સુંદર તોરણ ઓળવી છે, તેની સાથે મારી ખરાં દીલની દુવાઓ પણ લટકાવું છું.

દએ-અસફનદારમદ.

દએ-ખોરદાદ.

છેડા વિનાનો અહુરમજદ, તારી જીંદગીનું આવતું આખું વર્ષ ખુશાલી અને શાંતીથી ઘેરી લે!

નેક નીષ્ટા છતાં, પરીણુાંમ નકારૂં નીપજેલું, એવું કાંઈ તમારા એકલાનાંજ બાબમાં નથી બન્યું.

દએ—અમરદાદ.

•

દએ—દએ પ આદર.

દએ મહીનાનું બીજું જશન.

પરવરદેગાર કે જેનું હેત ડાહપણ ભર્યું, અને બધાં માણુસાઈ હેત કરતાં વધુ સાચું છે, તે તારી નેગેહબાની કરે !

સ્ત્રીઓને મગરૂર બનાવનારી ખુબસુરતી છે, નેકીથી તેઓ વખાણ મેળવે છે, જ્યારે પોતાપરનાં કાબુથી તેઓ ખુદાઇ લક્ષણવાળાં લાગે છે.

દુએ-આદર.

દુએ-આવાં.

ખુરશેદનાં ઝળકતાં દરેક કીરણો તારી જીંદગીના રસ્તાપર પ્રકાશ ફેંકે ! તુંને સુખી લાંબી જીંદગી બક્ષે ! ને તે સુખને ઝાંખુ પાડવા તારાં બારણાં આગલ અંધારેનો ઓળોબી ન આવે !

બોલોની મને શું દરકાર છે ? છતાં બોલનાર ધણી જ્યારે સાંભળનારને ખુશ કરે ત્યારે તે બોલોની કદર હું બુજું છું.

દએ-ખોરશેદ.

પેગમબર અશો જરતોશ્તનો દીસો.

....

....

....

....

....

દએ-મોહોર.

....

....

....

....

....

દીવસને વખતે ખીલતા ગુલાબ માફક તમારા દીવસો ખુશી ખુશાલીમાં અને ઝઝકલાંમાં લંપટ આપતી સફેદ ચમેલી માફક તમારી રાતો, શાંત આશાયશમાં પસાર થજો !

રાક્ષસનાં જેવું બળ ધરાવવું એ સારૂં છે; પણ તે રાક્ષસની માફક વાપરવું એ ઘાતકીપણું છે.

દએ-તીર.

દએ-ગોશ.

આકાશની ઊંચાઇએ યા પૃથ્વીનાં પેટાંપર બધે **તે** એકલો રાજા છે, અને આપણા ગમે એવા બખેડાથી **તેના** રાજનો એક જરા સરખો ભાગબી **તે** ખોહુનાર નથી; દોજખનાં ગારપર જેમ **તેની** લોખંડી હકુમત છે, તેમ બેહુસ્તમાં **તે** સોનેરી સાંકળથી હકુમત કરે છે.

મારી દોસ્તીની નજીવી ઈધાની તરીકે, મારી ભલી દુવાઓ કબુલ કર! અને મારી વફાદારીપર વિશ્વાસ રાખ!

દએ-દએ પ મેહેર.

દએ મહીનાનું ત્રીજું જશન.

દએ-મેહેર.

મએદીઆરેમ ગાહામબાર.

ફોકટ કાંય મરાવો છો, ને જુઠા કીનાં કપટનાં આવેશમાં એક બીજાનો નાશ કરો છો? સેતાંન તમારો નાશ કરવાને તતપર છે, તે શું તમે જાણુતા નથી?

મધુર વચનોથી કડવી વાત પણ મીઠી થઈ જાય છે.

દએ—સરોશ.

દએ—રશને.

જે જે બક્ષીસો **તેને** કીધી, તેનો ઉપયોગ શી રીતે કીધો તેનો હીસાબ આપવા **તેની** હજુરમાં બધાંને હાજર થવાનું છે.

દુઃખના કડવા મારા પડયાથીજ સુખ વધુ મધુર લાગે છે.

હએ–ફરવરદીન.

હએ–બેહેરાંમ.

જેમ હું તમુને ચાહું છું તેમજ જો તમેબી મને ચાહતાં હોવો તો પછી આપણા પ્યારના બે ટુકડા કશાથી થશે નહીં.

કોઈબી માહભારત કાંમ, કંટાલો ખાયા વગર ચાલુ ખંત રાખો નહીં તો બનશે નહીં.

દએ-રાંમ.

દએ-ગોવાદ.

દરેક જીવવાળી ચીજોપર શું **તારો** હક નથી? દરેક જબાંદારની પહેલી ફરજ પોતાનો જાન પટકી **તારી** સેવા કરવાની છે.

તે કીરતારની સેવા બજાવવા, તેનાં ફરમાનો પ્રમાણે ચાલો કે જે ફરમાનો દરેક રીતે તાબેદારીથી બજાવવા લાયકનાં છે.

દએ-દએ ૫ દીન.

દએ મહીનાનું ચોથું જશન.

દએ-દીન.

તું બોલે છે તે પ્રમાણે કર. તારા બોલવાપરથી તો તારાં હૈયાંમાં ભલાઈ, ડાહપણ, વાજબી ઈનસાફ વગેરે ગુણો જણાય છે.

તમે જે સારૂં કીધું તેને ખુલ્લાં દીલથી વખાણે, અને વધુ શું કરવું જોઇએ તે હીંમતથી બીહ્યા વગર કહે, તેને ખરો દોસ્ત જાણજો.

દએ—અશીશવંઘ.

દએ—આસ્તાદ.

ખુદરતના ભેદને પોંહુચી વળવા ના માંગ ! નમ્રતા પકડ ! તારા અને સેતારાઓની ચાલ, અને ત્યાં કોણ વસે છે ને શું છે તેના સ્વપનાઓ જોવા કરતાં, તમારા ખોદાને ઓળખવાની કોશેશ કરો !

તમારૂં હૈયું નરમ છે, અને એવા જીવડાઓપર ખુદાઈ આશીરવાદ ઉતરે છે.

દૃએ-મારેસ્પંદ.

દૃએ-અનેરાંન.

આ પૃથ્વીનો ગોળો આટલી અજાયબીઓથી ભરપુર છે, તો તેનો બનાવનાર કેવો અજબ જેવો હશે? **તેનું** તો વર્ણન પણ ન થાય. **તે** આપણેથી અણદીઠ છે, પણ **તેની** ખુદરતનાં ખેલપરથી **તેનો** ઝાંખો ઓળો આપણને જણાય છે, કે જે ખુદરત **તેનાં** અપાર બળ અને અનહદ ભલાઈની સાબેતી છે.

તેનાં મોટાં કપાળપરથી તે બહુ ચંચળ જણાય છે. આવી ચંચળાઇને ધુળમાં નાખેલી જોતાં મને બહુ દુઃખ થાય છે. એજ ચંચળાઈ સીધે માર્ગે વાપરવાથી તે વધારે સુખી થતે. માણુસની બુદ્ધી કેમ ફરી જાય છે!

બહમન-હોરમજદ.

બહમન-બહમન.

બહમન અમશાસ્પંદનું જશન.

તમારી આસપાસનાંઓ તમુને ધીક્કારે તે જેટલું કડવું લાગે છે, તે કરતાં વધુ કડવું તેઓ તમુને હીને તે લાગે છે. મીઠાશ ભર્યા બોલની અને ચાલની કીંમત જ નથી.

તારાં આબાદી ભર્યાં વાહુણનો સુકાની નશીબ દેવી છે.

બહમન-અરદીબેહેસ્ત.

બહમન-શેહેરેવર.

ભલાં દીલની, એકમારગી, સાદી, બીનસ્વારથી છોકરી. હું એને સુખી થયલી જોવા ઈચ્છું છું. હું ધારૂં છું કે જેના હાથમાં એ જશે તે સુખી થશે અને જો કદાચ નહીં થાય તો તેમાં વાંક તેનોજ હશે.

આપણાંમાં હવસો ઉશ્કેરવા, અને આસપાસ મોજ-મજાહ વેરવાનું કારણ શું? એટલુંજ કે તે મધ્યમ-પણે વાપર્યાથી તેબી એક માણસાઈ ખુબી થઈ પડે.

બહમન-અસફન્દારમદ.

બહમન-ખોરદાદ.

આ વાદળાંઓ થોડા વારમાં સૂર્યની મેહરબાનીથી સોનેરી પોશાક સજી, ઉજળાં આકાશને શણગારવા જશે યા તરસી પૃથ્વીની તરસ તૃપ્ત કરવા હેઠે આવશે, પણ તે હેઠે આવે યા ઉપર જાય તે બન્ને વખતે તેનાં બનાવનારની વખાંણ તો વધુ ને વધુજ કરાવશે.

તારા અનદીઠ રસ્તાઓની ઉંડાણમાં પોંહચવા માણસાઈ મનશક્તિ તદન અપુર્ણ છે.

બહમન-અમરદાદ.

બહમન-દએ પ આદર.

નેક પર હુલ્લો કરી શકાશે, પણ તેને કોઈ નુકશાંન કરી શકવાનું નથી. તેને ગમે એવી ઈજા કરવાનું ધારશો, પણ આખર કસોતીમાં તો તેજ યાને નેકીજ ફાવશે.

તેની ઉંચી તોખમ, અને દબદબા ભર્યો દેખાવ તેને ભલા ધનેતરને લાયકની બનાવે છે.

બહમન-આદર.

બહમન-આવાં.

ભાગ્ય દેવી તારાપર કુરબાન થાવો! અને સુખ તારો સાથી થાવો! પણ કદીને તુંને કોઈ મમતાળુ દોસ્તની ગરજ પડે, તો મને ભુલશો નાં.

સૂરજનાં કીરણને ધુલ છાંટવાથી ખરાબ કરી શકાતાં નથી, તેમ સચાઈને પણ કદી કશાંથીબી ડાઘ લાગનાર નથી.

બહમન-ખોરશેદ.

બહમન-મોહોર.

બેસતું શાલ મુબારક હોજો! છતાં સેહજબી વાદળ ઘેરાય તો આશાનું કીરણ આવીને તમુને તો ખોલ્લાંજ રાખે!

ખોદાએ તો તમને સંપુર્ણ અને ભલાં બનાવાં છે. પછી તેવાંજ રેહવું કે નહીં તે તો તમારા હાથમાં છે. ખુદરતે તમુને મરજી પ્રમાણે ચાલવાની શક્તિ બક્ષી છે, જે મરજીને સારે રસ્તે લઈ જવાનું તમારાજ હાથમાં રાખ્યું છે.

બહમન-તીર.

બહમન-ગોશ.

માટીમાંથી માણુસ બનાવી, આ દુનીયાનો લાહુવો ચાખવા મોકલ્યાં, **તેના** પ્યારનો બદલો **તેનાં** ફરમાં-નોની તાબેદારી કીધાથીજ વળશે.

ફુલો કરમાશે અને ઝાડનાં પાતરાંઓ ખરી જશે, પણ આપણી દોસ્તી તો કાયમ છે. તે કદી ઓછી થ-નાર નથી.

બહમન-દએ ૫ મેહેર.

બહમન-મેહેર.

જે ધણી પોતાપર રાજ ચલાવી શકે, અને પોતાના હુવસપર સત્તા ભોગવી શકે તે એક રાજાજ કેહવાય.

ખોદા તો સંપુર્ણ અને ખાંમી વનાનો છે. પણ માણસ તો ઘણે યા ઓછે દરજજે ખાંમી વનાનું છેજ નહીં. પણ રાસ્તી અખતીયાર કીધામાંજ ફાયદો છે.

બહમન-સરોશ.

બહમન-રશ્ને.

બધાંને બનાવનાર **તે** એકજ છે. અને **તેનીજ** આગળ બધાંને પાછું જવું છે. જે વધુ નેક અને વધુ અશો હુશે તે **તેની** સંફ્રમાં બીરાજશે.

બેહરાંમ ઇજદની મદદ, તમુને ચીંતાથી મોકલાં કરવા અને પંચાતીથી વેગળાં રાખવા, કામ લાગે!

બહમન-ફરવરદીન.

બહમન-બેહેરાંમ.

તુંને પસંદ કરી, મેં આ દુનીઆનું બેહસ્ત મેળવ્યું છે.

ભલાઈ જેટલી વધારે કરશો તેટલી વધારે ફેલાશે અને કરનારનાં માનમાં વધારો થશે.

બહમન-રાંમ.

બહમન-ગોવાદ.

તમે જંગલમાં હશો, કે શેહરમાં હશો, જ્યાંબી હશો, ત્યાં દાદારની હાજરી તો હાજરજ રેહવાની. **તેની** ભલાઈ અને મુરબ્બી જેવી મેહરબાનીના પુરાવા આસપાસ જણાયા વના રેહનાર નહીં.

મીનોઈ જ્ઞાનથી તારૂં મગજ તર થશે, તો તેનાં પ્રતાપથી સાદી આંખે નહીં દેખાતી ચીજો દેખી શકાશે. ખુદરતનાં ભેદ ભરમ માજદયસની દીનનાં જ્ઞાનથી પાંમી જા!

બહમન-દએ ૫ દીન.

બહમન-દીન.

કીરતારે માણસને દોરવવાને અંતકરણ નામે ભોમીયો આપ્યો છે. તેને કહેલે રસ્તે જશો તો તે સલામત તેરવી જશે.

ખુદાથી ઉતરતી સચાઈ છે. તેને ફાવવાને આડા અતાડા રસ્તા જોઈતા નથી.

બહમન—અશીશવંઘ.

બહમન—આસ્તાદ.

સંસારનું સુખ સાચવવું, અને ભરથારની ભલાઇઓમાં ભેલાવું, તે કરતાં વધુ સુંદર સ્ત્રીઓમાં બીજું શું હોય ?

હોરમજદનાં નોકર, ભલી બજાવી! દુનીયાએ તો ગમે તે કહ્યું, પણ તારા કીરતારની હજુરમાં સરૂખરો રેહવાની તારી કાળજી હતી, તે માટે તેં દુનીયાના તાના, જે ભાલા કરતાં વધુ સખત વાગે છે તે પણ ખમ્યા.

બહમન-આસ્માન.

બહમન-જમીઆદ.

ખુદા પોતે જે ભલા માણુસને ફરેસ્તાઓની સંઘમાં લઈ ત્યાં તેની વખાણુ કરે છે, અને ફરેસ્તાઓ તે વખાંણુ ઉંચકી લે છે, તે ખરો કીર્તીવંત અને ભાગ્યશાલી માણુસ.

મારી આંખો કાંઈ ભુલાવો ખાતી નથી; તે ખરેખર ખુબસુરત છે.

બહમન-મારેસ્પંદ.

બહમન-અનેરાંન.

જે સર્વ શક્તિમાંન સાહેબ એકી નજરે બધું જુએ છે, તેને કોણ ઠગી શકશે? તે આકાશની ઉંચાઈએથી આપણી ખાલી પુકરાજી જોઈ હસે છે.

તમારી કોઠીમાં ભરેલા અનાજમાંથી થોડો થોડો આપશો તો તે ઓછો થશે, પણ તમારાં ભેજામાં ભરેલી સારી અક્કલમાંથી જેઓને જોઈએ તેઓને ગમે એટલા મોટા જથ્થામાં આપશો તોબી તે તમારામાંથી ઓછી થનાર નથી.

અસફંનદારમદ—હોરમજદ.

•

અસફંનદારમદ—બહમન.

પવિત્ર રોશણીઓને હું વખાણું છું! કીરતારની પેહલી પેદાશ રોશણીજ છે અને તે પોતે પણ રોશણીનો ઝરોજ છે.

ખરી દોલત અને ખરી શાંતી તો તે બેઉ જીવડાઓનાં સુખ ભર્યાં જોડાણમાં છે.

અસફનદારમદ—અરદીબેહેસ્ત.

અસફનદારમદ—શેહેરેવર.

અસફ્નદારમદ અમસાસ્પંદ જમીનની પેદાયશની વૃધી કરનાર છે. પણ 'તરોમત' અથવા 'નાઉંવાસ' એનેથી ઉલટી હારેમનની શક્તિ છે. તેનો નાશ થજો.

અમારી આબાદીનાં બનાવનાર! હું **તારી** ભક્તિ કેમ કરૂં? અમારે માટે **તેં** કેવા છુટા હાથે બક્ષેસો કીધી છે.

અસફનદારમદ—અસફનદારમદ.

અસફનદારમદ અમસાસ્પંદનું જશન.

અસફનદારમદ—ખોરદાદ.

અમરદાદ સાલગાહનું જશન.

આ ઉગતાં વર્ષમાં દોસ્તી અને પ્યાર તારી આસપાસ વીતલાઈ તને સુખી કરે!

ઓ પેદાના કરનાર! ફકટ તારી ભલાઈઓજ અમને આપ; અને રોશણી જેમ અંધકારને દુર કરે છે, તેમ અમારાંમાં જે ખરાબ હોય તે હાંકી કાહડ!

અસફનદારમદ—અમરદાદ.

અસફનદારમદ—દએ ૫ આદર.

જેનું હૈયું પાક છે તે રોશનીને ખુશાલીથી આવકાર દે છે, પણ જેનું હૈયું મેલું છે તે મધ્યાંન બપોરેબી જાણે અંધારામાં ગોતાં ખાય છે.

તેણી ખુલ્લા દીલની, ઘણી માયાળુ, બધાંને ઉપયોગી, અને ખુશ મીઠા સ્વભાવની છે.

અસફનદારમદ—આદર.

અસફનદારમદ—આવાં.

જેમ દરીયા પર દુરથી ગાયણનો શરોદ આવતો હોય, તેમ તારી મીઠી યાદ વારંવાર મને આવે છે.

ગમે એવું દુઃખથી ઘેરાયલું મગજ હશે, તે દુઃખનેબી ઓછું કરવાની, દીલસોજીભર્યા બોલોમાં શક્તિ છે, અને તેઓ દુઝતા જખમપર લગાડેલા મલમ જેવા થઈ પડે છે.

અસફનદારમદ–ખોરશેદ.

અસફનદારમદ–મોહોર.

હોકાયંત્ર જેમ ઉત્તરના તારા તરફ નિમકહલાલ છે, તેવાંજ સાચાં રેહજો.

વખત, તેની જુવાંનીને જેમ ચોરતો જાય છે, તેમ તેનાં ડાહપણમાં તો ઉમેરોજ કર્યો જાય છે.

અસફનદારમદ-તીર.

અસફનદારમદ-ગોશ.

જેને **તારી** પરજ ભરૂસો હોય, અને **તારે** ફરમાવેલે રસ્તે જે ચાલે તે ખરો સુખી!

બોલવું સેહલ છે, પણ ખરા નિમકહલાલ દોસ્તો મળવા મુશ્કેલ છે.

અસફનદારમદ—દએ ૫ મેહેર.

અસફનદારમદ—મેહેર.

સરોશ ઇજદ શ્રેષ્ટ છે! તેનું બળ અનહદ છે! જેનું વર્ણન કઈ જબાંએ થાય? મારાં રૂહની નેગેહબાંની માટે મને એના કરતાં વધુ સરસ ભોમીયો કોણ મળનાર છે?

પેદાનાં કરનારે જે કીધું છે તે સંપુર્ણ કીધું છે, તેમાં માણસને તો સૌથી સંપુર્ણ બનાવ્યું છે. અને ભયના ખાડા તરફ ઘસડાવાનું તો તેના પોતાનાજ હાથમાં આપ્યું છે. માણસ પોતાની મરજીથીજ રાસ્તીનો રસ્તો છોડી આડે રસ્તે જઈ શકે છે.

અસફંદારમદ—સરોશ.

અસફંદારમદ—રશ્ને.

વચમાં પાહડો આડા આવશે, અને મોજાઓ ડુંગર જેવડા થશે, પણ હું તો તને નહીં ભુલાય એવાં હેતથી યાદ કરીશ.

બેહરાંમ યજદ નેક માણસનો મદદગાર છે, કાંય જે તે પોતાની મેહરબાની અને માયાની ઢાલ નેકીનાં બચાવ અર્થે હમેશાં વાપરે છે.

અસફનદારમદ—ફરવરદીન.

અસફનદારમદ—બેહેરાંમ.

પૃથ્વી ગોળ છે. અને તેનો છેડો નથી, તેમ મારા તારે માટેના પ્યારનો પણ છેડોજ નથી.

ખરી અશોાઇને પોંહુચવાનો નજદીકનો રસ્તો કયો છે તે શોધો, કાંય જે જીંદગી ટુકી છે.

અસફનદારમદ—રાંમ.

અસફનદારમદ—ગોવાદ.

દાદારે જે નીયમ રચ્યા છે તેજ સર્વથી સરસ છે; **તેને** કશું અપુર્ણ કીધું નથી અને જે બનાવ્યું છે તેમાં ખામી રાખી નથી.

બદીની ગમે એવી લાલચ અને ફાંદા છતાં તેની સામે ટકી શકે, ને સારાંનેજ પસંદ કરે તેજ ખરો જરથોસ્તી.

અસફ્નદારમદ-દએ ૫ દીન.

અસફ્નદારમદ-દીન.

તમે ગમે તે કહો, પણ અશોઈજ સૌથી ઉત્તમ છે. ભલાં હૈયાં તાજ કરતાં કીંમતી છે.

તે પોતાના મોંહમાંથી એકબી અપશબ્દ, યા ખોટો બોલ કાહડતી નથી.

અસફનદારમદ—અશીશવંધ.

અસફનદારમદ—આસ્તાદ.

મુકતાદનાં દહાડા શરૂ થયા.

મારા દોસ્તને મારી જરૂર પડે તે વખતેજ તેનેથી દુર જાઉં તેવી જાતનો હું માણસ નથી.

જેઓ તમને નથી ઓળખતાં તેઓ આગળ તમારૂં વર્ણન કયા બોલોમાં કરૂં ? જેઓ તમને ઓળખે છે તેઓ પાસે તમારૂં વર્ણન કરવાને પુરતા બોલો નથી.

અસફંનદારમદ—આસ્માન.

અસફંનદારમદ—જમીઆદ.

પોતાના પેગમબરનાં પવીત્ર પગલાંપર ચાલવા શીવા બીજી કાંઈબી આશા યા ઈચ્છા તેને રહી નથી.

તેનું બોલવુંજ તેનું અનહદ ડાહપણ દેખાડે છે.

અસફનદારમદ—મારેસ્પંદ.

મીનો મારેસ્પંદનું જશન.

અસફનદારમદ—અનેરાંન.

પેગમબર જરથોસ્ત કહે છે કે, મારી ઉત્તમ નસીહતો તમે સાંભળો, તથા તમારી વિચાર શક્તિથી તે ઉપર દરીયાફ્ત કરો. જેઓ દીન ઉપર એતેકાદ રાખી નેક કામો કરે છે, તેઓ હોરમજદને ખુશાલ કરે છે.

તે શખસ કે જેનેથી બીજાઓને સુખ પોંહચે તેની આબાદી હોજો! હોરમજદ એવા પરોપકારી માણસને તનદરોસ્તી તથા કૌવત બક્ષે. જે કૌવતની, રાસ્તી અખતીયાર કરવા માટે જરૂર છે. તેમને સંપત્તી, નેક આશીરવાદ, તથા ભલાં મનની જીંદગી હોજો!

ગાથા—અહુનવદ.

હુમસ્પથ્મએદએમ ગાહામબાર.

ગાથા—ઉશતવદ.

નેક વિચાર, સખુન તથા કામને લીધે હોરમજદ આપણને આ દુનીયાનું સુખ તથા પેલી દુનીયાનું બેહસ્ત, તથા સંપત્તિ અને સંપુર્ણ મનશ્ની આપે છે.

જે કોઈ હોરમજદને ખુશનુદ કરવાને માટે **તેને** આરાધે છે, તેના હકમાં **તે** ઘણું સારૂં કરે છે. વળી જે કોઈ **તેની** ભક્તિ કરતાં નથી તેને સેવટે ઘણું ખમવું પડશે.

ગાથા-સ્પેન્તોમદ.

ગાથા-વોહુક્ષથ્ર.

જે છોકરી અશો રહીને પોતાના બાપને, પોતાના ખાવંદને, પોતાનાં માણસોને તેમજ પોતાના બેશીઓને વફાદાર રેહશે, તેની નેક નૈયતની મુરાદ પાર પડશે, અને હોરમજદ તેની સારી દયાનતને માટે તેને હંમેશ સુધીનું ગરોથમાંન બેહસ્ત બક્ષશે.

ગાથા–વહિશ્તોઇશ્ત.